તૃપ્તિ અષ્ટક: ૧૦ શ્લોક-૧

પીત્વા જ્ઞાનામૃતં ભુક્ત્વા, ક્રિયાસુરલતાફલમ્
સામ્યતામ્બૂલમાસ્વાદ્ય, તૃપ્તિં યાતિ પરાં મુનિઃ

શબ્દાર્થ: જ્ઞાનામૃતં = જ્ઞાનરૂપી અમૃત, પીત્વા = પીને, ક્રિયાસુરલતાફલમ્ = ક્રિયારૂપ કલ્પવૃક્ષના ફળને, ભુક્ત્વા = ખાઈને, સામ્યતામ્બૂલં = સમભાવરૂપ તાંબૂલને, આસ્વાદ્ય = ચાખીને, મુનિઃ = સાધુ, પરાં = અત્યંત, તૃપ્તિં = તૃપ્તિ, યાતિ = પામે છે.

શ્લોકાર્થ: જ્ઞાનરૂપી અમૃતનું પાન કરીને, ક્રિયારૂપી કલ્પવૃક્ષના ફળોનું ભોજન કરીને અને સમતારૂપી (સમભાવરૂપી) તાંબુલનો આસ્વાદ કરીને મુનિ પરમ તૃપ્તિને પામે છે.

ભાવાર્થ: શરીર માટે આહાર, પાણી અને તાંબૂલ (મુખવાસ) જરૂરી મનાય છે તેમ અરૂપી આત્માને પણ આહાર-પાણી-તાંબૂલ જરૂરી છે. શરીરની પુષ્ટિથી આત્મા પુષ્ટ થતો નથી, આત્માની તૃપ્તિ માટે તો તેને અનુકૂળ ભોજન જોઈએ.

સત્ક્રિયા આત્માનું ભોજન છે, જ્ઞાન એ અમૃતજળ છે અને એ બન્ને પચાવનાર સમતા (સમભાવ) એ તાંબૂલ છે. તત્વથી જ્ઞાનનું ફળ ક્રિયા અને ક્રિયાનું ફળ સમતા છે.

ગુપ્તિ અધ્યાય-૯ શ્લોક-૨

મુનિ પાંચે પ્રકારના સ્વાધ્યાયમાં (વાચના, પૃચ્છના, પરાવર્તના, અનુપ્રેક્ષા અને ધર્મકથા) લીન રહી, સમિતિ-ગુપ્તિ આદિ સત્ ક્રિયાનું સેવન કરી સમતાનો સાચો અતીન્દ્રિય આનંદ અનુભવે છે, જેની સામે વિલાસના સર્વ બાહ્ય પદાર્થોનો આનંદ તુચ્છ છે.

આ જીવે બાહ્ય વિવિધ ભોજન કરીને અને વિવિધ પીણાંનું પાન કરીને રાગ-દ્વેષના ભોગ બની અશાંતિની સાચી આગ સળગાવી છે, જેણે અનંત જન્મો લીધા છતાં હજુ શાન્ત થતી નથી. એને શાંત કરવાનો અને શાશ્વત તૃપ્તિ પ્રાપ્ત કરવાનો આ શ્રેષ્ઠ આધ્યાત્મિક ઉપાય કરીને અનંત જીવો તૃપ્ત થયા છે. તૃપ્તિનો આ જ સાચો માર્ગ છે.

<u>સાર:</u>
બે પ્રકારની તૃપ્તિ છે.
(૧) લૌકિક તૃપ્તિ (૨) લોકોત્તર તૃપ્તિ

લૌકિક તૃપ્તિમાં ભાવતા ભોજન કર્યાં, પાણી-વગેરે પીધા, અને મુખવાસમાં પાન, સોપારી વગેરે ખાધા — સ્વાદ લીધા.

લોકોત્તર તૃપ્તિમાં ભાવ તૃપ્તિની વાત કરી છે. પરમાત્માની આજ્ઞા અનુસાર <u>ક્રિયા કરી</u> કલ્યાણના કર્યો

તૃપ્તિ અષ્ટક: શ્લોક-૨

ભાવિને આહાર ત્યાં. ક્રિયા સાથે જ્ઞાનની આવશ્યકતા છે એટલે જ્ઞાનરૂપી અમૃતનું પાણી પીધું. ચારિત્રને જન્મ આપનાર અને ચારિત્રનું રક્ષણ કરનાર અષ્ટપ્રવચન માતા છે. એટલે જ્ઞાનનું ઘણું મહત્વ છે. ભોજન પછી સમભાવ- સમતારૂપી મુખવાસ લીધો. અહીં જ્ઞાન અને ક્રિયા એકમેક થઈ જાય છે, જેમ દૂધમાં સાકર ભળી જાય તેમ.

મુનિ જ્ઞાન અમૃતનું પાન કેવી રીતે કરે?

૧ દિવસના ૮ પ્રહર. ૧ પ્રહર = ૩ કલાક.

૧ પ્રહર આહાર, વિહાર
૨ પ્રહર નિંદ્રા
૫ પ્રહર સ્વાધ્યાય

દરેક ક્રિયામાં ઉપયોગ રાખે છે.

તૃપ્તિ અષ્ટક : ૧૦ શ્લોક-૨

સ્વગુણૈરેવ તૃપ્તિશ્ચેદાકાલમવિનશ્વરી

જ્ઞાનિનો વિષયૈઃ કિં તૈર્યૈર્ભવેત્તૃપ્તિરિત્વરી

શબ્દાર્થ: ચેત્ = જો, જ્ઞાનિન: = જ્ઞાનીને, સ્વગુણૈ: = પોતાના જ્ઞાનાદિ ગુણો વડે, એવ = જ, આકાલં = હંમેશાં, અવિનશ્વરી = વિનાશ ન પામે તેવી, તૃપ્તિ: = તૃપ્તિ, ભવેત્ = થાય, યૈ: = જે વિષયો વડે, ઇત્વરી = થોડા કાળની, તૃપ્તિ: = તૃપ્તિ થાય છે, તૈ: = તે વિષયોનું, કિમ્ = શું પ્રયોજન છે ?

શ્લોકાર્થ: જો જ્ઞાનીને પોતાના જ્ઞાનાદિ ગુણો વડે જ હંમેશા વિનાશ ન પામે તેવી તૃપ્તિ થાય તો જે વિષયો વડે થોડા કાળની તૃપ્તિ થાય તે વિષયોનું શું પ્રયોજન છે ?

ભાવાર્થ: શબ્દ, રૂપ, રસ, ગંધ અને સ્પર્શ એમ પાંચ પ્રકારના ઇન્દ્રિયોના વિષયો વડે જે તૃપ્તિ થાય છે તે ઇત્વરી એટલે અલ્પકાળ રહેનારી છે. ત્યારપછી તૃષ્ણા ઊભી જ રહે છે. વિષયોથી અલ્પકાળ માટે તૃપ્તિનો અનુભવ થાય છે તે પણ ભ્રમણા છે. વિષયો જેમ જેમ ભોગવવામાં આવે તેમ તેમ અતૃપ્તિની આગ વધે છે. પ્રત્યેક ભવે અનંત કાળથી અનંતા જન્મો કર્યા, સમુદ્રો પણ આહાર જળપાન કર્યાં તથા

તૃપ્તિ અષ્ટક - ૧૦   શ્લોક-૨

પર્વતોના ઢગ જેટલા આહાર ખાધા પણ હજુ તૃપ્તિ થઈ નથી. જો સર્વનો અનુભવ કર્યો છે તો પણ મૂઢ જીવો એજ આહાર પાણીની તીવ્ર ઈચ્છા કરે છે, અને એમાં રાગ-દ્વેષ કરીને કર્મો બાંધી સંસારના કારમા દુઃખો અનુભવે છે.

ઈન્દ્રિયો તપેલા લોખંડના ગોળા જેવી છે. પાણી નાખો તો ચૂસાતું જ જાય. કોઈ પણ ઈન્દ્રિયનો વિષય ખોરાક નથી કે જેનાથી આત્માને લાભ થાય.

આપણે આપણા ઘરમાં (દેહમાં) રહીએ તો કર્મસત્તાના દંડા ન ખાવા પડે પણ આપણે બીજાના ઘરમાં (પર માં) રહીએ છીએ એટલે સતત કર્મસત્તાના દંડા ખાવા પડે છે.

જ્ઞાનીઓ જ્ઞાનથી આ હકીકતને જાણે છે, તેથી પુદ્ગલ-વિષયો તૃપ્તિ આપનારા વિષયોને છોડીને જ્ઞાનરૂપ પાણી, ક્રિયારૂપ ભોજન અને સમતારૂપ તાંબૂલ આરોગે છે અને તેના પ્રભાવે શાશ્વતી તૃપ્તિને પામે છે.

તૃપ્તિઅષ્ટક-૧૦ શ્લોક-3.

યા શાન્તૈકરસાસ્વાદાદ્ ભવેત્તૃપ્તિરતીન્દ્રિયા
સા ન જિહ્વેન્દ્રિયદ્વારા ષડ્રસાસ્વાદનાદપિ

શબ્દાર્થ: શાન્તૈકરસાસ્વાદાત્ = જે શાંતરૂપ અદ્વિતીય રસના અનુભવથી, અતીન્દ્રિયા = ઇન્દ્રિયને અગોચર, યા = જે, ભવેત્ = થાય છે, સા = તો, જિહ્વેન્દ્રિયદ્વારા = જીભ વડે, ષડ્રસાસ્વાદનાત્ = છ રસના ભોજનથી, અપિ = પણ, ન = થતી નથી

શ્લોકાર્થ: જે શાંતરસરૂપ અદ્વિતીય રસના અનુભવથી ઇન્દ્રિયોને અગોચર (અનુભવગમ્ય) એવી જે આત્મ તૃપ્તિ થાય છે તે જિહ્વા (જીભ) દ્વારા ષડ્રસના ભોજનથી થતી નથી.

ભાવાર્થ: શંકા: શાંતરસ કોને કહેવો ?
સમાધાન: શાંતરસ એટલે જેમાં મનગમતા સંયોગનું સુખ નહિ, મનગમતા વિયોગનું દુઃખ નહિ, નહિ કોઈ ચિંતા કે નહિ પુદ્ગલના રાગ-દ્વેષ, નહિ કોઈ ઇચ્છાઓ કે નહિ કોઈ અભિલાષાઓ. જગતના સર્વ ભાવોમાં સમદૃષ્ટિ. આ કહેવાય શાંતરસ. શાંતરસ સર્વરસોનો રાજા છે.
શંકા: આવો શાંત રસ ક્યાંથી જન્મે ?
સમાધાન: આવો શાંત રસ જન્મે 'શમ' નામના સ્થાયીભાવમાંથી. તે માટે પુરુષાર્થ કરવો પડે. અનિત્ય, અશરણ, એકત્વ, અન્યત્વ, વગેરે ૧૨ ભાવનાઓના સતત ચિંતન દ્વારા વિશ્વના પદાર્થોની નિઃસારતા, નિર્ગુણતાનો ખ્યાલ કરવો પડે અને સાથે સાથે પરમાત્મા સાથે પ્રીતિ કરવી પડે. સમતાભાવનો આ રસ એટલેકે કષાયોની ઉત્પત્તિથી રહિત, અર્થાત ક્રોધ-માન-માયા-લોભ વગેરે કષાયો વિના ક્ષમા, નમ્રતા, સરળતા અને સંતોષ આદિ ગુણોથી પ્રગટ થયેલા સામ્યરસનો આસ્વાદ છે.

શાંત રસને જેણે માણ્યો હોય તેને જ આ તૃપ્તિ સમજાય તેવી છે. આ તૃપ્તિ સ્વભાવદશાની રમણતામાંથી પ્રગટ થાય છે. જે આત્મા આત્મગુણોના અનુભવમાં લયલીન બને છે તે આત્માને જે આનંદ અર્થાત્ તૃપ્તિ થાય છે, તેવી તૃપ્તિ તીખા, ખાટા, મીઠા, તુરા, કડવા, અને ખારા એમ છએ રસવાળા ભોજનથી

તૃપ્તિ અષ્ટક-10     શ્લોક-3.

ક્યારેય પણ થતી નથી. આ રસ જ એવો છે કે જે માણ્યો તેણે જાણ્યો. આ રસ માણ્યા પછી પુદ્ગલના સુખોના રસનો આસ્વાદ જ મનમાંથી ચાલ્યો જાય છે.

પુદ્ગલ પર દ્રવ્ય છે. પુદ્ગલના ગુણો અભોગ્ય છે એટલે કે ન ભોગવવા લાયક છે, કારણ કે આખા જગતની એંઠ છે. સર્વ જીવો વડે વારંવાર ભોગવી ભોગવીને વમાયેલા છે. લાંબા કાળની ઉપાધિ અને દુઃખ આપનારા છે.

આત્મા પોતાના સ્વરૂપનો અનુભવ કરનારો છે. પરના સ્વરૂપનો અનુભવ કરનાર નથી. પુદ્ગલના ગુણોનો જ્ઞાતા છે પણ ભોક્તા નથી. પરના સ્વરૂપનો જ્ઞાતા છે પણ પરના સ્વરૂપનો ભોક્તા નથી.

નામકર્મના ઉદયથી (ઔદારિક શરીરાદિ નામકર્મ અને આહારપર્યાપ્તિ નામ કર્મના ઉદયથી) આ જીવને આહારની સંજ્ઞા લાગુ પડેલી છે. તે આહારની સંજ્ઞાથી જીવ આહાર લે છે અને મોહના ઉદયથી તેમાં રસનો આસ્વાદ માણે છે. આહાર લેવો તે નામકર્મનો ઉદય છે અને રસાસ્વાદ માણવો તે મોહનીયનો ઉદય છે. પરંતુ આહાર લેવો કે રસાસ્વાદ માણવો તે આત્માનું સ્વરૂપ નથી.

આત્માનું સ્વરૂપ તો અણાહારી થવું અને જ્ઞાનનો અનુભવ કરવો તે જ છે. પૌદ્ગલિક સુખોનો આનંદ માણવો તે સાચી તૃપ્તિ નથી. મોહદશા માત્ર છે, વિભાવ દશા છે, અનંત સંસાર વધારનારી વૃત્તિ છે.

આત્માના ગુણોનો અનુભવ કરવો તે જ સાચી તૃપ્તિ છે.

તૃપ્તિ અષ્ટક - ૧૦        શ્લોક-૪

સંસારે સ્વપ્નવન્મિથ્યા તૃપ્તિઃ સ્યાદાભિમાનિકી
તથ્યા તુ ભ્રાન્તિશૂન્યસ્ય, સાત્મવીર્યવિપાકકૃત્

**શબ્દાર્થ:** સ્વપ્નવત્ = સ્વપ્નની જેમ, સંસારે = સંસારમાં, આભિમાનિકી = અભિમાન - માન્યતાથી થયેલી, મિથ્યા = જૂઠી, તૃપ્તિઃ = તૃપ્તિ, સ્યાદ્ = હોય છે, તથ્યા તુ = સાચી તૃપ્તિ તો, ભ્રાન્તિશૂન્યસ્ય = મિથ્યા જ્ઞાન રહિતને હોય છે, સા = તે, આત્મવીર્યવિપાકકૃત્ = આત્માના વીર્યની પુષ્ટિ કરનાર છે.

**શ્લોકાર્થ:**- સંસારમાં સુખોની (માની લીધેલી) અભિમાનરૂપ તૃપ્તિ સ્વપ્નની તૃપ્તિ જેવી મિથ્યા છે. સાચી તૃપ્તિ તો મિથ્યાજ્ઞાન રહિતને (સમ્યગ્ જ્ઞાનીને) હોય છે તે આત્માના વીર્યને (શક્તિને) પુષ્ટ કરનારી છે.

**ભાવાર્થ:**

**શંકા:** દ્રવ્યસંસાર અને ભાવસંસારમાં શું ભેદ છે?

**સમાધાન:** ચાર ગતિ સ્વરૂપ આ સંસાર કર્મોદયના વિપાકજન્ય (ફળરૂપ) હોવાથી અને લોકોવડે દેખી શકાય તેવો હોવાથી દ્રવ્યસંસાર કહેવાય છે.

મિથ્યાત્વ, અજ્ઞાન, કષાય, પ્રમાદ વગેરે સ્વરૂપ આત્માની જે વિભાવપરિણતિ છે, તે આ સંસારનું મૂળ કારણ હોવાથી અને લોકો વડે અદૃશ્ય હોવાથી ભાવસંસાર કહેવાય છે.

સ્વપ્નમાં મનગમતા મિષ્ટ ભોજન જમી લીધા, મધુર પીણાં પી લીધા અને તાંબૂલ (મુખવાસ) ચાવી લીધા. બસ તૃપ્તિ માની લીધી. પરંતુ ત્યાં સ્વપ્ન તૂટી ગયું, નિંદ્રામાંથી જાગી ઉઠયા... ત્યારે વિષયોમાં માની લીધેલા મિથ્યા સુખોથી આત્માને તૃપ્તિ થતી નથી.

દેહાધ્યાસના કારણે વિષયોથી થતી ક્ષણિક ઇન્દ્રિયોની તૃપ્તિને પોતાની તૃપ્તિ માનીને જીવ ઠગાય છે. સત્ય એ છે કે વિષયોથી દેહની તૃપ્તિ કે પુષ્ટિ થતી નથી, ઉત્તરોત્તર તૃષ્ણા વધે છે, પણ દેહમાં આત્મપણાની બુદ્ધિથી જીવ ઠગાય છે.

તૃપ્તિ અષ્ટક - ૧૦ શ્લોક - ૪

સાચી તૃપ્તિનો દર અને આત્માની ભિન્નતા જેનાથી સમજાય તેવા જ્ઞાનથી યુક્ત સમ્યગ્જ્ઞાનીનો હોય છે, તેથી વિષયોની વાસનાઓ જ મરવા લાગે છે, અને આત્મગુણોનો — આત્માના સામર્થ્યનો વિકાસ થાય છે.

<u>શંકા:</u> પરદ્રવ્યની પ્રાપ્તિથી થતી તૃપ્તિ સાચી (તૃપ્તિ) નથી તેનું શું કારણ ?

<u>સમાધાન:</u> આ ભ્રાંત તૃપ્તિના પાંચ કારણો છે.

(૧) આ પરદ્રવ્યો મારા છે તે માન્યતા ભ્રાંત છે, કલ્પનારૂપ છે. કર્મોદયના કારણે સંયોગથી મળેલા છે. કોઈ પરદ્રવ્ય પોતાનું છે જ નહીં. મોહના ઉદયથી મારાપણાનો ભ્રમ છે.

(૨) પુણ્યોદય પૂર્ણ થતાં બધું જ જવાવાળું છે. અથવા આયુષ્ય પૂર્ણ થતાં, આત્મા સર્વેને મૂકીને જવાવાળો છે.

(3) સાંયોગિકભાવથી મળેલા છે. પુણ્યકર્મના ઉદયથી સુખના સાધનભૂત પુદ્ગલદ્રવ્યો પ્રાપ્ત થયેલા છે. પુણ્યકર્મની માલિકીના છે. જીવની (આત્માની) ~~આત્માની~~ માલિકીના નથી.

(૪) પરદ્રવ્ય આત્માથી (જીવથી) ભિન્ન છે.

(૫) રાગ-દ્વેષને ઉત્પન્ન કરનારો આ પર પદાર્થોનો સમૂહ છે.

ટૂંકમાં સાર આ છે કે :—

પોતાના સ્વાભાવિક શુદ્ધ-નિર્મળ-ક્ષાયિક-ક્ષાયોપશમિક ભાવના જે ગુણો છે. તે ગુણોના જ અનુભવથી ઉત્પન્ન થયેલી જે તૃપ્તિ છે તે તૃપ્તિ આત્માના સ્વાભાવિક વીર્યગુણને વધારે પુષ્ટ કરે છે, મજબૂત કરે છે, ઉત્તેજિત કરે છે, અને તે વીર્યને ગુણોમાં જ પ્રવર્તાવે છે.